# દેવની સેવા માટે સાથે કામ કરવું

**પ્રાર્થના** : વ્હાલા પાપથી છુટકારો પામીને તમારી સેવા કરવા માટે આ બાળકો પોતાના વિશ્વાસમાં નવા થાય તેમની સહાય કરો.

બાળકોની ઉંમર અને જરૂરિયાતો મુજબની પ્રવૃતિઓ પંસદ કરો.



**૨ કાળ ૩૦ અધ્યાય**માંથી કોઈ **એક બાળક અથવા શિક્ષક** હિઝહીયાહ રાજા વિષે વાંચી જાય અથવા કહી જાય.

- આ વાર્તામાં જણાવાયુ છે કે હિઝકીયાહ રાજાએ પોતાના દેશમાં શિક્ષકો મોકલીને લોકોનો પ્રભુ પરનો વિશ્વાસ પુનઃસ્થાન કર્યો હતો.

**વાર્તા કહી રહ્યા પછી** આ પ્રશ્નો પૂછો (જવાબો સાથે છે)

- યરુશાલેમમાં પાસ્ખાપર્વ પાળવા દ્વારા દેવનું ભજન કરવા માટે કોણે લોકોને આમંત્રણ આપ્યું ?
  *(જવાબ : કલમ -૧)*
- આ આમંત્રણ કઈ રીતે મોકલવામાં આવ્યુ ?
  *(જવાબ : કલમ ૧૦ તેણે સંદેશાવાહકો મોકલ્યા)*
- કેટલાક લોકોએ કેવો પ્રત્યુતર આપ્યો ? *(કલમ ૧૧ જુઓ)*
- સારો પ્રત્યુતર આપવા માટે તે લોકોને કોણે ઈચ્છા આપી ? *(કલમ ૧૨)*
- દેવના વચન દ્રારા જે સાંભળ્યુ તેનો અમલ લોકોએ શું કરીને કર્યો ? *(કલમ ૧૪)*
- આ રીતે છેલ્લું પાસ્ખા પર્વ કયા રાજાને સમયમાં પાળવવામાં આવ્યુ હતુ ? *(કલમ ૨૬)*

હિઝકીયાહ રાજા દ્વારા લોકોમાં આવેલી જાગૃતિનું **નાટક તૈયાર કરો.** આ ટૂંક નાટક રજુ કરવા માટે સભાના આગેવાનોની મંજુરી લો. બાળકોને નાટક -સંવાદો તૈયાર કરવામાં મદદ કરો મોટા બાળકો નાના બાળકોને મદદ કરે.

- **મોટા છોકરા** કે સભાજનો આ પાત્રો ભજવે
  **વર્ણન કરનાર** વાર્તાનુ સંક્ષેપિકરણ કરે અને બાળકોને સંવાદો શિખવે.
  **હિઝકીયાહ રાજા** હાથમાં કાગળો રાખે .
- **નાના બાળકો** આ પાત્રો ભજવે.
  **રાજાના સંદેશાવાહકો**
  **હઠીલાઓ**
  **લોકો** કે જેઓ સંદેશાપર ધ્યાન આપે છે.

**વર્ણન કરનાર** : ૨ કાળ ૩૦:૧-૧૨ મુજબ વાર્તાનો પ્રથમ ભાગ કહે પછી બોલે હિઝકીયાહ રાજા જે આજ્ઞા કરે છે તે સાંભળો

**હિઝકિયા** : રાજા સંદેશાવાહકો દેશના બધા નગરોમાં જાઓ અને તેમને મારો આ સંદેશો આપો લોકોને પાસ્ખા પર્વ પાળવા માટે યરુશાલેમ આવવાનું આમંત્રણ આપવામાં આવે છે આપણે બધાએ પસ્તાવો કરીને દેવનો આશીર્વાદ પામવો જરૂરી છે.

**રાજાના સંદેશાવાહકો :** તેઓ લોકોમાં જુદે જુદે સ્થળે ફરે અને બોલે ''પસ્તાવો કરો અને પાસ્ખાપર્વ પાળવા માટે યરુશાલેમ આવો''

**હઠીલો માણસ** : ''એ તો ઘણુ દૂર છે આપણે નહી જઈએ.''

**સંદેશો માનનાર લોકો** : ''હા દેવ આપણને પસ્તાવો કરવા માટે સહાય કરશે આપણે જઈશુ''

**વર્ણન કરનાર** : વાર્તાનો બીજો ભાગ તે કહી સંભળાવે ૨ કાળ ૩૦ : ૧૩-૨૭ પછી કહે ''લોકો શું કહે છે તે સાભળો''

**આજ્ઞા માનનાર લોકો** : ''અમે પાસ્ખા પર્વ પાળવા માટે યરુશાલેમ આજ્ઞા માનનાર લોકો અમે એક સાચા દેવની સેવા કરવા માંગીએ છીએ આપણા દેશમાં મૂર્તિઓ અને વેદીઓ આપણે તાડી પાડીએ.

**હિઝકીયાહ રાજા** : ''આ મોટા પર્વ માટેની બધી જરુરિયાત હું રાજય તરફથી પૂરી પાડુ છું તમે બળવાન થાઓ જો આપણે પસ્તાવો કરીશું તો દેવ આપણી પ્રાર્થના સાંભળશે.''

**યાજક** : ''આ રીતે ભેગા મળીને પ્રભુમાં આનદ કરવો તે અતિ ઉતમ છે આપણે બીજુ અઠવાડિયુ પણ પર્વ ઉજવીએ સુલેમાન રાજાના વખત પછી આવી જાગૃતિ આવી જ નથી''

**વર્ણન કરનાર** અથવા મોટો છોકરો : નાટક પૂરુ થયાની જાહેરાત કરો અને ભાગ લેનાર સર્વનો આભાર માને.

નાટક મોટાઓ સમક્ષ રજુ કર્યુ હોય તો ઉપરના પ્રશ્નો પણ તેમને **પૂછવા દો.**

હિઝકીયા રાજાએ જે કર્યુ તેવું બીજા લોકોએ કર્યું હોય તેની **ચર્ચા કરો**

- હાલના સમયમાં દેવના લોકો કયા પ્રસંગોએ ભેગા આ પસ્તાવાનો સંદેશો તે લોકો લઈ ગયા હશે ?
- હાલના સમયમાં દેવના લોકો કયા પ્રસંગોએ ભેગા થાય ,પ્રાર્થના કરે અને પર્વ પાળે છે ?

એક કાગળમાં સંદેશ હોય તેવું **ચિત્ર દોરો** .બાળકો તેની નકલ કરે. બીજી ભજનસેવા વખતે બાળકો તે ચિત્રો બતાવે અથવા ઘેર માબાપને બતાવે. તેઓને સમજાવવા દો કે આ ચિત્રો સમજાવે છે કે આપણે પસ્તાવાનો સંદેશો બીજા લોકો સમક્ષ લઈ જવો જોઈએ જેથી આપણે પ્રાર્થના કરી શકીએ અને પ્રભુને શોધી શકીએ. મોટા બાળકો નાના બાળકોની મદદ કરે.

ફિલી. ૨ :૨-૩ **મુખપાઠ કરો.**

ગી.શા ૧૪ : ૧-૩ કલમો ત્રણ બાળકો એક એક બોલે મોટા બાળકો

આત્મિક જાગૃતિનું ગીત કે નાટક બનાવે તેઓ આ માટે એકબીજાની મદદ લઈ શકે અથવા ઘેર આ કામ કરી શકે.

**પ્રાર્થના** : હે પ્રભુ ઈસ્ત્રાએલના લોકોની માફક અને પણ હઠીલા અને અણકહયાગરા છીએ પણ અમે જયારે પસ્તાવો કરીએ છીએ ત્યારે તમે સાંભળો છો માટે અમે તમારી સ્તુતિ કરીએ છીએ જયારે અમે ભેગા મળીને પર્વ ઉજવીએ છીએ ત્યારે તમે અમને આશીર્વાદ આપો છો.



(હિઝકીયાહ રાજાના સંદેશાવાહકો લોકો ને શિક્ષણ આપે છે)

Copyright © 2004 by Paul - Timothy. May be freely copied. Download from www.Paul-Timothy.net.